દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

મંગળવાર ૨૬ મે, ૨૦૨૬

દુનિયાના સૌથી ગરમ શહેરોની યાદીમાં ભારતના શહેરો મોખરે: ખૂબ ચિંતાજનક બાબત

દુનિયાના સૌથી પ્રદૂષિત શહેરોની યાદીમાં ભારતના શહેરો મોખરે છે એ અહેવાલ થોડા સમય પહેલા આવ્યા હતા હવે એવા પણ અહેવાલ આવ્યા છે કે દુનિયાના સૌથી ગરમ શહેરોની યાદીમાં પણ ભારતના શહેરો મોખરે છે. વિશ્વના સૌથી ગરમ શહેરોની યાદીમાં ભારતના જ શહેરો સૌથી વધારે છે એમ હાલમાં કરાયેલા કેટલાક નિરીક્ષણો પરથી જાણવા મળ્યું છે. ગત શુક્રવારે બપોરે વિશ્વના ૧૦૦ સૌથી ગરમ શહેરોમાંથી ૯૭ શહેરો ભારતમાં હતા. એક આકરા ગરમીના મોજાએ દેશના ઉત્તર, મધ્ય અને પૂર્વ ભાગોને પોતાની ઝપેટમાં લીધા છે, જેના કારણે બપોર સુધીમાં તાપમાન ૪૫ ડિગ્રી સેલ્સિયસથી ઘણું ઉપર પહોંચી ગયું હતું. અને શુક્રવાર સવારની એક યાદી પ્રમાણે તો વિશ્વના સૌથી ગરમ એવા ટોચના ૫૦ શહેરોની યાદીમાં તમામેતમામ શહેરો ભારતના હતા. AQI.in ના જણાવ્યા અનુસાર, બપોરે ૨:૫૦ વાગ્યે (ભારતીય સમય મુજબ) વિશ્વના ટોચના ૧૦૦ સૌથી ગરમ શહેરોની યાદીમાં ભારતીય શહેરોનો ભારે દબદબો હતો, જેમાં ઓડિશાનું બલાંગીર ૪૮C તાપમાન સાથે સૌથી ગરમ સ્થળ તરીકે ઉભરી આવ્યું હતું. તેના પછી બિહારનું સાસારામ ૪૮C અને ઉત્તર પ્રદેશનું વારાણસી ૪૭C તાપમાન સાથે બીજા અને ત્રીજા ક્રમે હતા. ૧૦૦ શહેરોની યાદીમાં માત્ર ત્રણ અપવાદો નેપાળના હતા - ધાનગઢી (૨૩મા ક્રમે), નેપાળગંજ (૩૪મા ક્રમે), અને લુમ્બિની સંસ્કૃતિક (૭૬મા ક્રમે) - જ્યાં તાપમાન ૪૫C થી ૪૬C વચ્ચે નોંધાયું હતું. નેપાળના આ ત્રણ શહેરો સિવાય યાદીનું દરેક અન્ય સ્થળ ભારતમાં હતું. આ એક ખૂબ જ ચિંતાજનક બાબત છે. દુનિયાના અનેક ગરમ દેશો, રણપ્રદેશના દેશોના શહેરોના નામો નહીં અને ભારતના શહેરોના નામો ગરમ શહેરોની યાદીમાં મોખરે આવી રહ્યા છે.

જ્યારે શુક્રવારે સવારે વિશ્વના તમામ 50 સૌથી ગરમ શહેરો ભારતમાં હતા. દેશના ઉત્તર, મધ્ય અને પૂર્વ ભાગોમાં ભીષણ હીટવેવનો પ્રકોપ જોવા મળ્યો હતો, જેના લીધે બપોર પહેલા જ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસથી ઘણું ઉપર પહોંચી ગયું હતું. એર ક્વોલિટી અને વેધર ટ્રેકર AQI.in ના જણાવ્યા અનુસાર, સવારે 10:50 વાગ્યે (IST) વિશ્વના ટોચના 50 સૌથી ગરમ શહેરોની યાદીમાં સંપૂર્ણપણે ભારતીય શહેરોનો જ દબદબો હતો, જેમાં ઓડિશાનું બલાંગીર 45C તાપમાન સાથે સૌથી ગરમ સ્થળ તરીકે સામે આવ્યું હતું. તેની પાછળ ચંદ્રપુર અને પ્રયાગરાજ 44C તાપમાન સાથે હતા, આ રેન્કિંગે હાલમાં ચાલી રહેલા હીટવેવના વ્યાપનું એક ચોંકાવનારું ચિત્ર રજૂ કર્યું છે. આ યાદીમાં અડધાથી વધુ શહેરો માત્ર ઉત્તર પ્રદેશના જ હતા, જેમાં વારાણસી, બાંદા, બરેલી અને અયોધ્યા જેવા સ્થળોએ બપોર પહેલા જ તાપમાન 42C થી 43C વચ્ચે નોંધાયું હતું.

ભારતીય ભૌગોલિક મેદાન વિસ્તાર (ઇન્ડો-ગેન્જેટિક પ્લેઇન્સ) ના મોટાભાગના વિસ્તારોમાં સતત ફૂંકાતા સૂકા ઉત્તર-પશ્ચિમી પવનો, સ્વચ્છ આકાશ અને ચોમાસા પહેલાના છાંટણાની રાહતમાં વિલંબને કારણે આ આત્યંતિક પરિસ્થિતિઓ સર્જાઈ રહી છે એમ નિષ્ણાતો જણાવે છે. આ કારણો તો કુદરતી કારણો છે પરંતુ એ પણ કઠોર વાસ્તવિકતા છે કે ભારતના શહેરોમાં વ્યાપક પ્રદૂષણને કારણે ગરમી ખૂબ વધી છે. વિશ્વના ગરમ પ્રદેશોના શહેરોના નામો નહીં અને ભારતના શહેરોના નામો આ યાદીમાં આવી રહ્યા છે તે બાબત ખૂબ સૂચક છે. એ પુરું શક્ય જણાય છે કે કુદરતી કારણોસર વધેલી ગરમીને સ્થાનિક પ્રદૂષણની સ્થિતિ ઓર વકરાવે તેથી ગરમીનું સ્તર અસાધારણ રીતે વધી જાય. ભારતના શહેરોમાં આજકાલ આ જ થઇ રહેલું જણાય છે. અને આટલું બધું થવા છતાં મોટા ભાગના લોકો આ બાબતને ગંભીરતાથી લઇ નથી રહ્યા. કુદરતી પરિબળોને રોકવાનું આપણા હાથમાં નથી પરંતુ પ્રદૂષણ જેવા માનવ સર્જીત પરિબળોને નાથવાનું તો આપણા હાથમાં છે. જો સત્તાવાળાઓ અને પ્રજાજનો સમયસર જાગશે નહીં તો સ્થિતિ હજી વધુ બગડી શકે છે. ખાસ કરીને જ્યારે કુદરતી કારણોસર ગરમી વધતી હોય ત્યારે તેમાં માનવ સર્જિત પરિબળોની અસર ઉમેરાતા ઘણી ગંભીર સ્થિતિ સર્જાઇ શકે છે.

તમારી દિશા

અર્જુન એક એકદમ સામાન્ય વિદ્યાર્થી હતો. દર વખતે પરીક્ષામાં ઓછા માર્ક આવે. શિક્ષકો કહેતાં, ''આ છોકરો ક્યારેય સફળ નહીં થાય.તેને ગમે તેટલું સમજાવીએ તેને કંઈ સમજાતું જ નથી''. મિત્રો મજાક કરતા હસતા, ''તું ભણવા માટે બન્યો નથી. છોડી દે ભણવાનું.'' એક દિવસ વર્ગમાં શિક્ષકે અચાનક દસ માર્કની ટેસ્ટ લીધી અને અર્જુનને માત્ર એક માર્ક મળ્યો, શિક્ષક ખીજાયા. બધા મિત્રોએ બહુ મજાક કરી. અર્જુન ઘરે આવ્યો.

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

ઓશીકામાં મોઢું નાખી ખૂબ રડ્યો. પછી અરીસા સામે ઊભો રહ્યો અને પોતાને જ પૂછ્યું – ''શું હું સાચે જ નકામો છું? શું હું ક્યારેય નહિ ભણી શકું? શું મારું મગજ કામ કરતું નથી?'' આ બધા સવાલનો જવાબ હા આવવાને બદલે તેની અંદરથી અવાજ આવ્યો – 'ના.' અરીસામાં દેખાતા તેના પોતાના પ્રતિબિંબે તેને કહ્યું, ''ના તું નકામો નથી, તું મહેનત કર, ચોક્કસ ભણી શકીશ.'' બસ, પોતાની અંદરથી જ આ જવાબ મળતાંની સાથે જ તેની સફર બદલાઈ. તેણે જાતે મહેનત શરૂ કરી, વહેલો ઊઠવા લાગ્યો, યૂટ્યૂબ પર ભણવા લાગ્યો, જાતે વાંચવા લાગ્યો, પોતાની નોટ્સ જાતે બનાવી, રોજ ૧૦ કલાક અભ્યાસ કર્યો. ઊંઘ ઘટાડી, મોબાઈલ વાપરવો બંધ કર્યો, કસરત કરી અને ૧૦ મિનીટ મેડીટેશન પણ શરૂ કર્યું. તેનું બધું જ ધ્યાન ફક્ત તેના લક્ષ્ય પર હતું.અર્જુને સતત ચાર મહિના સખત મહેનત કરી. પરીક્ષા આવી. તેણે બરાબર મહેનત કરી પરીક્ષા આપી. બધાં પેપર સારાં ગયાં અને જયારે રીઝલ્ટ આવ્યું... બોર્ડ પરીક્ષામાં અર્જુનના ૮૨ ટકા આવ્યા! ઘરમાં બધા એકદમ ખુશ હતાં. જયારે અર્જુન રિઝલ્ટ લઈને શિક્ષક પાસે ગયો, તેમણે કહ્યું, ''અર્જુન, મને માફ કર. મેં ક્યારેય તારી ક્ષમતા ઓળખી નહિ અને તારી મજાક ઉડાડી.'' અર્જુને શાંતિથી કહ્યું – ''સર, તમે ખીજાયા અને તમારા શબ્દોએ જ મને જગાડ્યો. ક્યારેક ઠોકર જ સૌથી મોટો ઉપહાર હોય છે.મિત્રોએ મજાક ઉડાડી તેમાંથી મને પ્રેરણા મળી.હું નાસીપાસ થયો પણ હાર્યો નહિ. મારા મનની અંદરથી જ મને હિંમત મળી અને મારો માર્ગ બદલાઈ ગયો." બીજા તમારા વિશે શું વિચારે છે, એ મહત્ત્વનું નથી. તમે તમારા વિશે શું વિચારો છો – એ જ તમારી દિશા નક્કી કરે છે.મનની અંદરથી નિશ્ચય કરી તમે તમારી દશા તમે જાતે જ બદલી શકો છો અને સાચી દિશામાં મહેનત કરી આગળ વધી શકો છો.

જૂની પેન્શન યોજના મંજૂર કરી તેવા કર્મચારીને નિવૃત્તિના એક વર્ષ પછી પણ પેન્શન શરૂ થયું નથી

ગુજરાતનાં થોડાં લોકોને સમસ્યા હોય એટલે તે સમસ્યા ના કહેવાય તેવું નથી. ફિક્સ પગારમાં લાગ્યા હોય અને એપ્રિલ 2005 પછી કાયમી થયાં હોય તેવા ગુજરાતના શિક્ષણ ક્ષેત્રમાં છેલ્લે ઓક્ટોબરમાં અને કર્મચારી ક્ષેત્રે ડિસેમ્બરમાં રીટાયર થયેલા અને રાજ્ય સરકારનાં કર્મચારીઓનું પેન્શન શરૂ થયું નથી.

આમ તો પ્રજાના કલ્યાણનું ધ્યાન રાખતી સરકાર આ કર્મચારીઓ રીટાયર થાય પછીના મહિનાથી પેન્શન મેળવતાં થાય તેવી જાહેરાતો કરે છે પણ આ કર્મચારીઓ એક વિશેષ સ્થિતિનો સામનો કરી રહ્યાં છે પરિણામે તેમનું પેન્શન શરૂ થયું નથી.

ગુજરાતમાં ત્રીજા અને ચોથા વર્ગનાં કર્મચારીઓની લાખો ખાલી જગ્યાઓ ફિક્સ પગારથી ભરવાની નીતિ ૧૯૯૯ થી શરૂ થઈ. આ નીતિમાં કર્મચારી પાંચ વર્ષ ફીક્ષ પગારમાં પસાર કરે પછી તેને કાયમી કર્મચારી તરીકે નિમણૂક આપવામાં આવતી. બેકારી અને નીચા વેતનમાં શોષાતાં યુવાનો પાંચ વર્ષ પછી તો શાંતિ થશે તેમ માની આ ફિક્સ પગારની નોકરી સ્વીકારવા લાગ્યાં પણ આ યુવાનોને ક્યાં ખબર હતી કે જ્યારે તેઓ ફુલ પગારમાં આવશે, કાયમી ગણાશે ત્યારે તેમને કોઈ નવી જ પેન્શન યોજના માથે પડશે! હા,વર્ષ 2005 એપ્રિલ પછી દેશમાં નવી મૂલ્યવર્ધિત પેન્શન યોજના લાગુ પડી. શેર બજારમાં રોકાણ કરીને જે વળતર મળે તે આધારે પેન્શન ચુકવવાની યોજના લાગુ પડી. વર્ષ ૨૦૦૧ માં જે યુવાનો ગુજરાતમાં નોકરીએ લાગ્યાં તેમને ખબર ના હતી કે ૨૦૦૬ માં તેમને તદ્દન અનિશ્ચિતતાવાળી પેન્શન યોજનામાં ભેળવવામાં આવશે. કર્મચારી મંડળો જાગ્યાં. સરકાર પાસે માંગ કરી કે 2005 પહેલાંના ફિક્સ પગારદાર કર્મીઓને જૂની પેન્શન યોજનાનો લાભ આપવો. ૨૦૨૨ની ચૂંટણી સમયે સરકારે માંગ સ્વીકારી તો ખરી પણ સત્તાવાર જાહેરાત છેક ૨૦૨૪ માં લોકસભાની ચૂંટણી પછી કરી. સત્તાવાર જાહેરાત પછી બે-ત્રણ

શિક્ષણ-સંસ્કાર

કાર્તિકેય ભટ્ટ

એક નિયમબધ્ધ કાર્યપ્રણાલી નક્કી ના થઈ-કરી કે કેવી રીતે આ નવીમાંથી જૂની યોજનામાં ગયેલાં કર્મચારીને પેન્શન આપવું

મહિના સુધી પરિપત્ર ના થયો. પછી પરિપત્ર થયો. કામ ધીમી ગતિએ ચાલ્યું. એક નિયમબધ્ધ કાર્યપ્રણાલી નક્કી ના થઈ-કરી કે કેવી રીતે આ નવીમાંથી જૂની યોજનામાં ગયેલાં કર્મચારીને પેન્શન આપવું. વળી સમય થયો કે 2001 માં નોકરીએ લાગેલાં કર્મચારીઓ નિવૃત્ત પણ થવા લાગ્યાં. આજે આ લખાય છે ત્યારે ગયા વર્ષે મે મહિનામાં નિવૃત્ત થયાં હોય તેવાં કર્મચારીઓને એક વર્ષ થવા છતાં પેન્શન શરૂ થયું નથી. આ છે આપણી કાર્યક્ષમતા.

પાંચ દેશોની મુલાકાતે જઈ આવ્યા પછી માનનીય વડાપ્રધાનશ્રીએ પહેલી મિટિંગમાં કહ્યું કે અધિકારીઓ ફાઇલો અટકાવી ન રાખે અને આ જ સમયે ગુજરાતમાં આ જૂની પેન્શન યોજના મંજૂર થઈ છે તેવાં કર્મચારીઓની ફાઇલ ખાતાંઓ વચ્ચે ફર્યા કરે છે. છેલ્લા સમાચાર મળ્યા ત્યારે એક નવો મુદ્દો ઊભો થયો છે તે એ કે સરકારે ફિક્સ પગારના કર્મચારીઓની પાંચ વર્ષની સેવા સળંગ ગણવાનો નિર્ણય કરેલો જ છે. વળી જેમને જૂની પેન્શન યોજનાના લાભ આપ્યા તેમને તો નિમણૂક તારીખથી જ લાભ આપવાના છે છતાં અધિકારીઓ હવે કહે છે કે ગ્રેજ્યુઈટીના લાભ ગણવામાં ફિક્સ પગારના પાંચ વર્ષ નથી ગણવાનાં. આવું જ રજાઓના રોકડ રૂપાંતરમાં થવાનું છે એટલે ફરી અર્થઘટનના પ્રશ્નો અને ફરી વિલંબ. વાત માત્ર સરકારની નથી, કર્મચારી મંડળ અને તેના આગેવાનો પણ સાવ નિષ્ક્રિય છે. કોઈ સરકારમાં કહેતું નથી કે આ નિવૃત્ત કર્મચારીઓને લાભ આપો. પેન્શન શરૂ ન થાય તો વચગાળાની રાહત આપો અને અધિકારીઓને કહો કે નીતિવિષયક નિર્ણય સરકારશ્રીએ કરેલો જ છે. તમે ખોટાં અર્થઘટન કરી કામમાં વિલંબ ન કરો. 2005 પહેલાં ફિક્સ પગારમાં લાગેલાં કર્મચારીઓ નિવૃત્ત થવા લાગ્યાં છે. દર મહિને આ સંખ્યા વધવાની છે. શિક્ષણમાં દર સત્ર બાદ વધવાની છે તો ઝડપથી એક કાર્યપધ્ધતિ નક્કી કરો અને પેન્શન પ્રક્રિયા ચાલુ કરો.

આમ તો આપણી ગુજરાત સરકાર તત્કાલ નિર્ણય લેવા અને સમયબદ્ધ અમલ કરવા માટે પોતાને શાબાશી આપે છે. તાતા નેનોને જમીન ફાળવણી હોય કે બુલેટ ટ્રેન માટે જમીન સમ્પાદન હોય, તે તરત કામ કરે છે. માત્ર આ સરકારી કર્મચારીના મુદ્દામાં થોડી વાર થઇ જાય છે. હશે, આપણે ચિંતા કરવી છે આ કર્મચારીની જેઓનો પગાર બંધ થયો છે અને પેન્શન શરૂ નથી થયું. વળી એન. પી. એસ.ના જે રૂપિયા અત્યારે મળ્યા છે તે પણ પાછા ભરવાના થાય તો તૈયાર રહેવાનું.આવા પ્રશ્નો તેમને ઉચાટમાં રાખે છે.

ગુજરાતમાં કર્મચારી મંડળો હવે સાવ સુષુપ્ત અવસ્થામાં રહે છે. તેઓ સત્તા સાથે, શાસન સાથે દ્વિમાર્ગી વ્યવહારને બદલે એકમાર્ગી આદેશપાલન કરતાં થઇ ગયા છે. નિવૃત્ત કર્મીઓ પણ''અમે તો થોડાં છીએ અમારું કોણ સાંભળે''- નિસાસા નાખી શાંત બેસી રહ્યા છે. શાસનની કાર્યક્ષમતા ક્યારેક ક્યારેક જોવામાં આવતી નથી. પ્રજાને રોજના જીવનમાં તેનો અનુભવ મળવો જોઈએ. નેતાઓ નિસ્બતવાળા હોય, સંવેદનશીલ હોય તો તેમણે આ પ્રશ્નમાં રસ લઈને નિવૃત્ત કર્મચારીને વચગાળાની રાહત મળી રહે તે વિચારવું જોઈએ અને આવાં વહીવટી કામો, સમગ્રલક્ષી નિર્ણયો ઝડપથી અમલી બનાવવા જોઈએ. જો આ પેન્શન યોજના માટે ખાસ રસ લઈને નિયમબદ્ધ પગલાં નહીં લેવાય તો આ સંખ્યા વધતી જ જશે અને શાસનની બિનકાર્યક્ષમતા ફેલાતી જ જશે.

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

કૂતરાને માણસ કહેવાય, પણ, માણસને.....!

કૂતરાને ગમે એટલું મીઠું મધુરું સંબોધન કરો, પણ એ 'હઅઅડ'ની ભાષા જ સમજે. એટલે તો એને 'ડાયાબીટીસ' થતો નથી. મહાપુરુષ કહે એમ, જે ભાષામાં સમજતો હોય એને ભાષામાં જ સમજાવવો પડે. એટલે તો કોઈ પુરુષનું નામ 'હઅઅડકુમાર' રાખવામાં આવ્યું હોય, એવું સાંભળવામાં આવ્યું નથી. ભગવાન જાણે મારો છેલ્લો અવતાર કૂતરાનો ગયો હોય એમ, લોકોને કેવાં કેવાં સ્વપ્નાં આવે ને મને કૂતરા દેખાય. કસ્સમથી કહું તો, હું મહારાણા પ્રતાપના ચેતક ઘોડા ઉપર લખવા ગયેલો અને કૂતરાના રવાડે ચઢી ગયો..! છેલ્લા છ મહિનાથી કૂતરાનાં સ્વપ્નાં આવે છે બોલ્લો..! ક્યારેક તો બબ્બે શો રાખ્યા હોય એમ, અડધી રાતે પણ આવે ને બીજું પરોઢિયું પણ આવે. સવારે પણ ઝોકું આવી ગયું તો મેટીની-શો ની જેમ આંટો મારી જાય..! ગઈ કાલે તો વામકુક્ષી કરવા બપોરે આડો પડ્યો, તો કૂતરાઓ મારા વિશાળ પેટ ઉપર ફૂટબોલ રમતા હોય તેવું સ્વપ્નું આવ્યું. બધાને રંગીન ને મને કૂતરા દેખાય તો ચચરે તો ખરું જ ને..? મેં કોઈ પણ કૂતરાનું બગાડ્યું નથી. કૂતરાઓ મારું બગાડી ગયા હશે, બાકી એનું ગલુડિયું પણ છેડ્યું નથી. છતાં ખબર નહિ કેમ, કૂતરાઓ પીછો મૂકતા નથી. સ્વપ્નામાં આવીને હેરાન કરે યાર..?

ચમનિયાની સલાહ માનીને એક વાર ગામના મંછુ ભગતને પણ બતાવ્યું. બે-ચાર પીંછી નાંખીને મંછુએ એવો ઘટસ્ફોટ કર્યો કે, 'છ મહિનાથી તમને કૂતરાના પાયે પનોતી બેઠેલી છે. એનું નિવારણ કરવું પડે. ગામના દશ-પંદર કૂતરાને દર મંગળવારે છ મહિના સુધી જમાડવા પડે. તો જ મટે એવું છે. છેલ્લો અવતાર કૂતરાનો હોવાથી, તેમનો વળગાડ હજી છૂટ્યો નથી. ત્યાર બાદ પૂર્વ જન્મ જાણવા ગુગલદેવના શરણે ગયો. તો કહે કે, તમે તો મોગલ સમ્રાટના રાજવી કુંવર "અલ-સુલતાન અલ-આઝમ બહાદુર આલમગીર' છો. કોણ કહે છે કે, તમારો છેલ્લો અવતાર કૂતરાનો હતો..? (એને કેમ કહેવાય કે, ગામના મંછુ ભગતે કહ્યું..!) પ્રખર જ્યોતિષવિદ્ રતનજીને બતાવ્યું તો કહે, 'તમારા માટે સુંદરીઓનાં સ્વપ્નાંઓ ઉપર 'BAN'(પ્રતિબંધ) મૂકવામાં આવેલો છે. એટલે સજાના ભાગરૂપે તમને કૂતરાનાં સ્વપ્નાંઓ આવે છે..!' આ સાંભળી મને શૈલીનાં વિધાન યાદ આવી ગયાં. બે ચાર-વાર શૈલીએ પણ ટકોર કરેલી કે, "તમે હસવા કરતાં ભસવાનું વધુ કરો છો..! તમારા સ્વભાવમાં મને કૂતરાનાં લક્ષણ વધારે દેખાય છે..' પછી તમને ખબર તો છે કે, 'જે સગા બાપનું નહિ માને એ વાઈફનું તરત માને ..!' એની જીદ સ્વીકારી કૂતરાના નિષ્ણાત ડોક્ટરની સલાહ લેવા ગયો તો કહે, 'કૂતરાનાં સ્વપ્નાં બંધ તો કરી આપું પણ, 'શ્વાન-સ્વપ્નાં' નાબૂદીનો પાંચ દિવસનાં પાંચ ઈન્જેક્શનનો કોર્સ પૂરો કરવો પડે, બોલો, આજથી શરૂ કરું..? 'મેં કહ્યું, 'કાલથી રાખો સાહેબ..! આજે સ્વપ્નામાં કૂતરાઓની ફૂટબોલની ફાઈનલ મેચ આવવાની છે..!' એ પછી વાત..! ત્રાસી ગયો છું યાર..! જ્યારથી કૂતરાઓના રવાડે ચઢ્યો છું ત્યારથી કૂતરાઓ ઉપર પ્રચંડ દયા રાખવાની મારી 'Hobby' બની ગઈ. ઘૃણા કરતાં, કૂતરા ઉપર દયા વધારે આવવા માંડી. કૂતરું કઈડી જાય, તો ભલે કઈડી જાય. તેનો બદલો લેવા કૂતરાને હું કઈડો હોઉં, એવો એકેય અભદ્ર વ્યવહાર મેં કર્યો નથી. એક જ સિધ્ધાંત, જીવ માત્ર દયાને પાત્ર..! ક્યારેક તો બોખા કૂતરા પણ કઈડી જાય યાર..? છતાં વગર સોઈના ઈન્જેક્શન લઈ લઉં..! વાઈફ સાથે પણ ઝઘડવાની ફીલિંગ આવતી નથી. ગુસ્સો કરતાં ડરું..! શૈલી છૂટું વેલણ પણ ફેંકે તો ઝીલી લઉં. એટલા માટે કે, વાગે તો એને આનંદ થાય ને નહિ વાગે તો મને આનંદ થાય..! એટલે તો મારો સલૂણો સંસાર કંસાર જેવો રહ્યો છે બોસ..! તમે બધા જ જાણો છો કે, અત્યારે ખતરનાક ગરમી પડે છે. ખિસ્સામાં મકાઈના દાણા રાખ્યા હોય તો એની પણ ધાણી બની જાય એવી ગરમી..! આવી ગરમીમાં ગઈ કાલે એક મચ્છરીએ અરીસા ઉપર બેસીને કાકલુદી કરી, (હવે એવું નહિ પૂછતાં કે, તમને કેમ ખબર પડી કે, એ મચ્છરી હતી..? અરે ભાઈ..આઈના ઉપર બેઠી હતી એટલે ..!) મને કહે, 'બહુ ગરમી લાગે છે, થોડીક વાર AC માં આવવા દો. ચટકા નહિ ભરું..! મને તો દયા આવી, પણ શૈલીની અદેખાઈ આડી આવી. શૈલીએ ઘસીને ના પાડી. ખબર નહિ કેમ, નારીવાદ આડો આવ્યો કે શું, મચ્છરી હારેલા ઉમેદવારની જેમ ઉકળાટમાં જ પડી રહી. શૈલીએ ના કહ્યા પછી, સામા વ્હેણે તરવાનું સાહસ કોણ કરે..?

તમને ખબર છે કે, કૂતરાને અંગ્રેજીમાં DOG કહેવાય અને DOG નું ઊંધું કરો તો GOD થાય. એટલે પણ હું કૂતરા સાથે આધ્યાત્મિક અને પવિત્ર ભાવ રાખું. 'કૂતરો' શબ્દપ્રયોગ કરવાને બદલે, મારે પણ



મંગલ મસ્તી

રમેશભાઈ ચાંપાનેરી 'રસમંજન'

જ્યારથી કૂતરાઓના રવાડે ચઢ્યો છું ત્યારથી કૂતરાઓ ઉપર પ્રચંડ દયા રાખવાની મારી 'Hobby' બની ગઈ. ઘૃણા કરતાં, કૂતરા ઉપર દયા વધારે આવવા માંડી

આમ જુઓ તો, કૂતરાભાઈ કે કૂતરીબહેન જેવો આદર કરવો જોઈએ. આ સમય એવો છે દાદૂ કે, કૂતરાને માણસ કહીએ તો No problem, પણ માણસને જો કૂતરો કહ્યો તો, પાટાપીંડી જ આવે..! માણસ ભલે 'કૂતરાવેડા'કરે, કૂતરો કુતરાઈ છોડતો નથી..!. છતાં કૂતરાની જાહોજલાલી જોઇને ક્યારેક, એક બાજુ પ્રાણીપ્રેમ પણ ઉભરે તો બીજી બાજુ ઘૃણા પણ ઉભરે. ઘૃણા એટલા માટે કે, આજકાલ કૂતરાને ભારે જલસા છે યાર? માણસ કરતાં પણ વધારે..! અમુક 'BRANDED' કૂતરા તો મોંઘીદાટ ગાડીમાં નવાબી ઠાઠ સાથે ફરે ને આપણે ઉઘાડ પગે ચાલીને ઉનાળામાં ધુમાડો કાઢતા હોઈએ..! કાચની બારીમાંથી લાંબા જીભડા સાથે ડોકું બહાર કાઢીને કૂતરાને ફરતા જોઈએ, ત્યારે તો બરફ જેવા માણસને પણ બળતરા થાય. ગાડીનાં પૈડાં બગાડવાવાળા BMW કારમાં ફરે ને, આપણે એક જ બોલમાં LBW થઇ ગયેલા ખેલાડી જેવું જીવવાનું..! આપણે તો મોં વકાસીને 'બાય-બાય'જ કરવાનું આવે ને..? શીઈઈઈટ...! માણસો પરસેવો પાડીને થાકી જાય, ને કૂતરાઓ લીલાલહેર કરે..! હનીમુન માટે Long drive ઉપર નીકળ્યા હોય એમ ફરે..! જેના મતદાર યાદીમાં નામ ના હોય, રેશનકાર્ડના કોઈ પુરાવા ના હોય, પાનકાર્ડની પંચાત ના હોય, ને આધાર-કાર્ડ તો મુદ્લે ના હોય, એ કૂતરડું જલસા કરે ને આપણે તડકામાં ધુમાડા કાઢવાના..? ચચરાટ તો થાય જ ને..? જાત ઉપર નફરત આવી જાય કે, આપણા કરતાં તો કૂતરાં સારાં..!

તુતુતુ તુતુ તારા, તારા કરતાં કૂતરા સારા..!'(એ કોણ બોલ્યું..?)

લાસ્ટ બોલ

સમાજસુધારણા માટે માણસોનું સંમેલન થાય, એમ કૂતરાઓને પણ એક વાર વિચાર આવ્યો કે, આપણામાં પણ અનેક દુર્ગુણો છે, એ સુધારવા માટે, આપણે પણ 'સમાજસુધારણા સંમેલન' બોલાવવું જોઈએ. આ માટે બધી Brand નાં કૂતરાંઓને ભેગાં કરવામાં આવ્યાં અને આલ્સેશિયન કૂતરાના પ્રમુખપદે એક જાહેર સંમેલન થયું. હજી તો એક જ દુર્ગુણની વાત કરી કે, 'કોઈ આપણને ખાવાનું નાંખે, ત્યારે આપણે મળી સંપીને ખાવાને બદલે, આપણામાં ઝઘડવાનો મોટામાં મોટો દુર્ગુણ છે, મળી સંપીને ખાવાનો વિવેક ચૂકી જઈએ છીએ. એ દુર્ગુણ આજથી દૂર કરવામાં આવે છે અને ભસવાના પ્રચંડ અવાજ સાથે, સૌએ આ પ્રસ્તાવને બે પગ ઉપર ઊભા થઈને વધાવી લીધો.ખાસુડીયા કૂતરા તો બોલ્યા પણ ખરા કે, કૂતરા સુધારણા ઝિંદાબાદ..! થયું એવું કે, એ જ સમયે એક કાગડો ઊડતો ઊડતો સભાસ્થળેથી પસાર થયો. એની ચાંચમાં પુરી હતી. એ નીચે પડી ગઈ. કૂતરાઓએ એ જોયું અને તરત જ સભા વેરવિખેર થઇ ગઈ..! એક પુરી માટે બધા કૂતરા ઝઘડવા લાગ્યા. ત્યારે આલ્સેશિયન કૂતરાને સમજાયું કે, શેઠની શિખામણ ઝાંપા સુધી પણ નહિ પહોંચી, સ્થળ પર જ ધોવાઈ ગઈ..!

તારા કપાળમાં કાંદા ફોડું..!

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

સોશ્યલ મીડિયા: વિચારનો વેપાર

સોશ્યલ મીડિયા પર આજે "વિચાર" કરતાં "વિચારનો વેપાર" વધુ થાય છે. કોઈ સુંદર બે લીટી લખી દે અને નીચે કોઈ મહાન વ્યક્તિનું નામ મૂકી દે.. બસ, વાત વાયરલ થઈ જાય. ગુલઝારની કવિતા હોય, ગૌતમ બુદ્ધ કે વિવેકાનંદની વાણી હોય, એમના નામે અનેક ક્વોટેશન્સ ફરતાં રહે છે, જેમાંથી ઘણાં તેમણે ક્યારેય કહ્યાં જ નથી. લોકો "નામ" જોઈને પ્રભાવિત થઈ જાય છે. આવું જ દેશ અને દુનિયાની રાજકીય કે સામાજિક ઘટનાઓ બાબતે બને છે. સોશ્યલ મીડિયા પર સત્ય કરતાં, મનને ગમતું અને સરસ લાગતું વધુ ઝડપથી ફેલાય છે. કોઈને સત્યની ચકાસણી કરવી નથી. મેસેજ ફટાફટ ફોરવર્ડ કરીને જ્ઞાન વહેંચવાનો ઉત્સાહ-રોમાંચ અગ્રેસર હોય છે. પરિણામે સાચી-ખોટી વાતો "જ્ઞાન" બનીને ફરવા લાગે છે. આથી જરૂરી છે કે, કંઈ પણ શેર કરતાં પહેલાં તેનો સ્રોત તપાસવો જોઈએ, માત્ર ભાવુકતા નહીં, બુદ્ધિ પણ વાપરવી જોઈએ. "વાયરલ" અને "સાચું" એક જ વસ્તુ નથી, એ સમજવું જોઈએ.

સુરત - સુનીલ શાહ

વહેવારમાં વેર નહીં !

સાહેબ કહી,માન અને ફી આપી, રાજી રાખો"! 1. ડૉક્ટરઃ તમારું બ્લડ પ્રેશર જાણે, ખાનદાની બીમારી જાણે. ઈગો હર્ટ થાય તો એવી દવા લખી દે કે BP નહીં, આખી જિંદગી "હાઈ ટેન્શન" થઈ જાય! એક ઇન્જેક્શન આડું-અવળું મૂકી દે તો સ્વર્ગનું ટિકિટ કન્ફર્મ! 2. વકીલ તમારા કાળા-ધોળા ધંધા, પ્રોપર્ટીના પેપર, ઘરના ઝઘડા બધું જાણે. ઈગો હર્ટ થાય તો એક જ તારીખમાં "જામીન" થી "જેલ" સુધીનો પ્રવાસ કરાવી દે! કલમની એક લીટી ફેરવે તો વારસાઈ જમીન પણ સરકારી થઈ જાય, અર્થાત કલમનો એક ફેરફાર વારસાઈ સંપત્તિની માલિકી બદલી શકે! 3. CA મહેતાજીઃ તમારી "આવકની જન્મકુંડળી" જાણે! કેટલી સફેદ, કેટલી કાળી, કેટલું કેશ, કેટલું બેનામી - બધું એની પેન-ડ્રાઈવમાં હોય. ઈગો હર્ટ થાય તો ITR માં એવી "ભૂલ" કરી દે કે ઈન્કમટેક્ષવાળા રેડ પાડે! એક નોટિસ મોકલાવે તો સ્ક્રૂટિની થી લઈને પેનલ્ટી સુધી આખી જિંદગીની પથારી ફેરવાઈ જાય! ખેર, અદાણી કે, અંબાણી હોય તો પણ "મેટર સેટલ" કરવા એમના પગે પડવું પડે! ડૉક્ટર, વકીલ અને CA વ્યવસાય માહિતી આધારિત છે. ત્રણેય પાસે વ્યક્તિની નબળી કડી હોય છે. ત્રણેયનો સંબંધ લાંબા ગાળાનો હોય છે. ત્રણેય વ્યવસાયિક નીતિથી બંધાયેલા હોય છે. પરંતુ નીતિ માનવીય છે અને માનવી લાગણીથી દોરવાય છે. માટે વ્યવહારમાં સાવધાની રાખવી. માન આપવું, સમયસર મહેનતાણું આપવું, સ્પષ્ટ વાત કરવી, ગેરસમજ ન થવા દેવી!

સુરત - સુનીલ રાજેન્દ્ર બર્મન

ઈન્ટરનેશનલ ટી ડે ઉજવણી

સમગ્ર વિશ્વમાં "ચા" ના મહત્વને માન આપવા માટે તથા ટી ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલા લાખો મજૂરો , ખેડૂતો અને વેપારીઓના યોગદાનને સન્માન આપવા માટે દર વર્ષે સમગ્ર દુનિયામાં 21 મે ના દિવસને ચા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. 21 મી સદીમાં હવે લોકો સ્વાસ્થ્ય પ્રત્યે વધુ સજાગ બનતા અને લાઈફ સ્ટાઈલ બદલાતા ગ્રીન ટી અને હર્બલ ટી તરફનું આકર્ષણ પણ વધતું જાય છે. દરેક સવારની શરૂઆત શ્રેષ્ઠ કડક મીઠી ચા થી જ અસંખ્ય લોકો કરે છે. કેટલાક ચા પ્રેમીઓ કટીંગ ચા ના પણ દિવાના હોય છે. ચા પીનારા માટે ચા એ જીવનનું અમૃત છે. ઘરે આવેલા મહેમાનોને ચા પીવડાવીને જ મોકલવાની આપણી ભારતીય સંસ્કૃતિ પણ છે. ઓફિસમાં કોઈ મળવા આવે ત્યારે કે પછી કર્મચારીઓ ચા ની ચુસકી લેતા લેતા સંબંધોની ઉષ્મા પણ વધારે છે. એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી કે ચા એ ભારતીય જીવનશૈલીનું અભિન્ન અંગ છે. સમય બદલાય છે , લોકો પણ બદલાય છે પરંતુ ચા પ્રત્યેનો પ્રેમ ક્યારેય બદલાતો નથી. એક પ્યાલી ચા એ ફક્ત પીણું નથી પરંતુ લાગણીઓની મીઠી મુલાકાત છે. ચાય પે ચર્ચાની વાતો પણ થતી રહે છે. પાણી પછી કદાચ એ વિશ્વમાં સૌથી વધુ પીવાતું પીણું હોય તો એ ચા છે. લારી પર ચા ની લિજ્જત માણવાની મજા જુદી જ હોય છે. ચા ના રસિકો ચા પીવાનું બહાનું શોધતા જ રહે છે. ચા પીવાના ફાયદા અને ગેરફાયદા ની ચર્ચા પણ પરસ્પર થતી રહે છે. ચા પીવાના ચોક્કસ કેટલાક લાભો જરૂર છે પરંતુ જરૂરત કરતા વધારે ચા પીવી આરોગ્ય માટે નુકસાનકારક સાબિત થઈ શકે છે. ચા ના રસિયાઓ જણાવે છે તે મુજબ ચા દિવસ ફક્ત એક જ દિવસ થોડો ઉજવવાનો હોય ? વર્ષના 365 દિવસ ચા ના પર્વને ઉજવવા જોઈએ. કડક અને મસાલેદાર ચા ના શોખીનો લોંગ ડ્રાઈવ પર મિત્રો સાથે જઈને ચા પીવાનું પણ પસંદ કરતા હોય છે. ચા એ ફક્ત પીણું નથી પરંતુ લાગણીની હૂંફાળી ધારા છે.

નવસારી -ડૉ. જે. એમ. નાયક

બ્રિજ સિટી સુરતમાં અકસ્માતોની લાલબત્તી

સુરતના ઓવરબ્રિજ પર વધતા અકસ્માતોઃ ટ્રાન્સપોર્ટ પ્લાનરની દ્રષ્ટિએ સુરક્ષાના ઉપાયો અને આધુનિક ઉકેલો

સુરત આજે 'બ્રિજ સિટી' તરીકે ઓળખાય છે, પરંતુ કતારગામના સર્પાકાર બ્રિજ પર લટકતી બસ અને મજુરાગેટ પર બનેલી ભૂતકાળની હૃદયદ્રાવક ઘટનાઓ આપણને લાલબત્તી સમાન છે. શહેરી આયોજનમાં માત્ર બ્રિજ બનાવવા પૂરતા નથી, તેની સુરક્ષા સર્વોપરી છે.

ક્રેશ બેરિયર્સની ઊંચાઈ અને મજબૂતીઃ બ્રિજની રેલિંગ માત્ર દેખાવ માટે નહીં, પણ સુરક્ષા માટે હોવી જોઈએ. ભારે વાહનો અથડાય ત્યારે તે બ્રિજની નીચે ન ખાબકે તે માટે 'High-Containment Concrete Crash Barriers' અનિવાર્ય છે. સ્પીડ કંટ્રોલ અને મોનિટરિંગ

સ્પીડ ગવર્નર અને રમ્બલ સ્ટ્રીપ્સઃ વળાંક આવતા પહેલા જ વાહનની ગતિ ધીમી પડે તે માટે યોગ્ય અંતરે 'રમ્બલ સ્ટ્રીપ્સ' (નાના બમ્પ) મૂકવા જોઈએ. બ્રિજ પર ડ્રાઈવરને માર્ગદર્શન મળે તે માટે નીચે મુજબના બોર્ડ હોવા જોઈએઃ

રેડિયમ સાઈન બોર્ડઃ રાત્રિના સમયે વળાંક સ્પષ્ટ દેખાય તે માટે 'Chevron Signs' (તીરના નિશાન) હોવા જોઈએ. બ્લેક સ્પોટ ચેતવણીઃ "અહીં અકસ્માત ઝોન છે, ગતિ ધીમી રાખો" તેવા મોટા બોર્ડ. હાઈટ ગેજઃ મજુરાગેટ જેવી ઘટનાઓ રોકવા માટે, જ્યાં નાના વાહનો અને ટુ-વ્હીલરની અલગ લેન હોય ત્યાં હાઈટ ગેજ હોવા જરૂરી છે જેથી ભારે વાહનો તે લેનમાં ન ઘૂસે. સુરતના મોટા બ્રિજો (જેમ કે મજુરાગેટ, કતારગામ, વરાછા) પર ટુ-વ્હીલર અને હેવી વ્હીકલ માટે લેન અલગ કરવી જોઈએ.બ્રિજ હેલ્થ ઓડિટઃ દર છ મહિને સુરત મહાનગરપાલિકાએ દરેક બ્રિજનું 'સેફટી ઓડિટ' કરાવવું જોઈએ. શું રેલિંગ મજબૂત છે? શું લાઈટો ચાલુ છે? શું વળાંક પર કોઈ ખામી છે?

સુરત -ડૉ પંકજ ગાંધી

વિદેશનીતિ ચોકલેટી હોય શકે ખરી?

તાજેતરમાં આપણા મા. વડાપ્રધાનશ્રીએ તેઓની ઇટલીની મુલાકાત દરમ્યાન તેમના ત્યાંના સમકક્ષ મહોતરમાને ચોકલેટની નવાજેશ કરી, જે સમાચાર/તસ્વીરને અત્રે વ્યાપક જન પ્રસિધ્ધિ મળી. અહીં પ્રશ્ન એ છે કે વિદેશનીતિ શું ચોકલેટી હોય શકે ખરી? જવાબ રૂપે કહી શકાય કે આ પ્રકારની ચોકલેટી આપ-લે બે રાષ્ટ્રાધ્યક્ષો વચ્ચે સારી વેવ લેન્થ હોય તો તેના પરિપાકરૂપે સંભવી શકે, પરંતુ તે થકી બે દેશો વચ્ચેના વ્યાપાર કે અન્ય વિધિસરની લેતીદેતી પર વ્યાપક અસર નીપજાવી શકાય એમ માનવું કે મનાવવું ભૂલભરેલું હોવાનું . આંતરરાષ્ટ્રીય રાજનીતિ અને લેતીદેતીમાં ધરીના સામ સામે છેડે ઉભેલા બે રાષ્ટ્રો હંમેશાં લાભનું પલ્લુ પોતાની તરફ નમે એ માટે પ્રયત્નશીલ હોય છે અને એ વખતે નિજી સંબંધો ઔપચારિક બની જાય છે. આમ વિદેશનીતિ કદી ચોકલેટી હોય શકે નહીં.

નવસારી -કમલેશ આર મોદી